Code: 10219

B. Ed. (Sem. III) Examination Oct. - 2016

Course : 7(B) Pedagogy of School Subject : Sanskrit Method(Part II)

[Total Marks : 50 Time : 2 Hours]

---

**પ્રશ્ન ૧. પ્રશ્નની નીચે આપેલા ચાર વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપોઃ** ૧૨

૧.૧ આદર્શ પાઠયપુસ્તકમાં શું હોવું જોઈએ?

(A) રંગીન ચિત્રો હોવાં જોઈએ. (B) ચિત્રો મોટાં હોવાં જોઈએ.
(C) જરૂરિયાત મુજબનાં ચિત્રો હોવાં જોઈએ. (D) ચિત્રો શ્વેત–શ્યામ હોવાં જોઈએ.

૧.૨ વર્ગેત્તર પ્રવૃત્તિ કઈ છે?

(A) શ્રુતલેખન (B) વાર્તાકથન (C) ગદ્યવાચન (D) ભીંતપત્ર

૧.૩ નિદાન માટે શું જરૂરી છે?

(A) વાચન (B) મનોવિજ્ઞાન (C) શ્રુતલેખન (D) અવલોકન

૧.૪ મૌખિક અભિવ્યકિત વિકસાવતી પ્રવૃત્તિ કઈ છે?

(A) સંભાષણ (B) શ્લોકગાન (C) અનુલેખન (D) નાટક

૧.૫ આંગળી મૂકીને વાંચવું એ કયો દોષ છે?

(A) શ્રવણ (B) મનન (C) વાચન (D) લેખન

૧.૬ આદર્શ પ્રશ્નપત્ર કેવું હોવું જોઈએ?

(A) આકર્ષક (B) ટૂંકું (C) સમય નિર્ધારિત (D) અઘરું

૧.૭ પાઠયપુસ્તકનું બાહ્ય લક્ષણ કયું છે?

(A) અનુબંધ (B) મુખપૃષ્ઠ (C) ટિપ્પણી (D) ચિત્રો

૧.૮ સંસ્કૃત ઉચ્ચારણો શેનાથી સુધરે છે?

(A) શ્લોકગાન કરવાથી (B) રેડિયો સમાચાર શ્રવણથી
(C) ગદ્યખંડ વાંચવાથી (D) અનુલેખન કરવાથી

૧.૯ અશુદ્ધ ઉચ્ચારણ માટે કયું કારણ જવાબદાર છે?

(A) શિક્ષક વર્ગમાં વંચાવતા નથી. (B) શિક્ષક વર્ગમાં વાંચતા નથી.
(C) સંસ્કૃત ધ્વનિઓનું અપર્યાપ્ત જ્ઞાન. (D) સંસ્કૃત સંધિયુકત ભાષા છે.

૧.૧૦ ' : ' – સંસ્કૃતમાં આ નિશાનીને શું કહે છે?

(A) દંડ (B) અવગ્રહ (C) વિસર્ગ (D) અનુનાસિક

૧.૧૧ 'सम्भाषण संदेश' માસિક કયાંથી પ્રકાશિત થાય છે?

(A) બેંગલુરુ (B) દિલ્હી (C) જયપુર (D) મદ્રાસ

૧.૧૨ વેબ આધારિત ઓનલાઈન સંસ્કૃત દૈનિક કયું છે?

(A) ललिता (B) विश्व संस्कृतम् (C) सुधर्मा (D) श्यामला

**પ્રશ્ન ૨. નીચે A વિભાગમાં આપેલ બાબતો સામે B વિભાગમાંથી સાચો ઉત્તર શોધી યોગ્ય જોડી બનાવોઃ** ૦૪

| વિભાગ A | વિભાગ B |
|---|---|
| ૨.૧ અભિવ્યકિતનો વિકાસ | (A) ભીંતપત્ર |
| ૨.૨ ઉચ્ચારણકલાનો વિકાસ | (B) ગદ્યમુખવાચન |
| ૨.૩ સર્જનાત્મકકલાનો વિકાસ | (C) સમાચાર શ્રવણ |
| ૨.૪ શ્રવણકલાનો વિકાસ | (D) નાટક |

P. T. O.

www.mkbuonline.com

www.mkbuonline.com

**પ્રશ્ન ૩. પહેલી બે બાબતો વચ્ચેના સંબંધનું અર્થઘટન કરી, તે પ્રમાણે બાકીની બે બાબતોનો સંબંધ નિયત થાય તેમ યોગ્ય વિકલ્પ પસંદ કરો:** ૦૪

૩.૧ પાઠયપુસ્તકનું મુખપૃષ્ઠ આકર્ષક : બાહ્ય લક્ષણ : : પાઠયપુસ્તકની કિંમત : ?

(A) આંતરિક લક્ષણ (B) ઓછી (C) વધારે (D) બાહ્ય લક્ષણ

૩.૨ છારોડી વિશ્વવિદ્યાલય : અમદાવાદ : : કાંગડી વિશ્વવિદ્યાલય : ?

(A) ભુવનેશ્વર (B) હરિદ્વાર (C) દ્વારકા (D) ત્રિવેન્દ્રમ

૩.૩ શ્રુતલેખન : ઉચ્ચારણ : : અનુલેખન : ?

(A) સુવાચ્યતા (B) વૈવિધ્ય (C) જોડણી (D) શિરોરેખા

૩.૪ દંડ : વિસર્ગ : : અનુનાસિક : ?

(A) જોડાક્ષર (B) અવગ્રહ (C) દીર્ઘ – ઈ (D) હલન્ત

**પ્રશ્ન ૪. નીચેના પૈકી કોઈપણ બેના, દરેકનો ૨૦૦ શબ્દોમાં ઉત્તર લખો:** ૧૦

૪.૧ સંસ્કૃતમાં અશુદ્ધ ઉચ્ચારણ માટે તમે કયાં કારણોને જવાબદાર ગણો છો? તેને નિવારવા તમે કેવા પ્રયત્નો કરશો?

૪.૨ "પ્રવૃત્તિલક્ષી શિક્ષણ આજની માંગ છે." – આ વિધાન સંદર્ભે તમે સંસ્કૃત શિક્ષણમાં વર્ગ અને વર્ગેત્તર કઈ કઈ પ્રવૃત્તિઓ કરાવશો?

૪.૩ સંસ્કૃત શિક્ષણમાં નિદાન અને ઉપચારની સંકલ્પના સ્પષ્ટ કરી તેની આવશ્યકતા સમજાવો.

**પ્રશ્ન ૫. નીચેના પૈકી કોઈપણ ત્રણના, દરેકનો ૧૦૦ શબ્દોમાં ઉત્તર આપો:** ૦૬

૫.૧ દંડ એટલે શું? તેનો ઉપયોગ કયારે કરવામાં આવે છે?

૫.૨ આદર્શ વાચનના ચાર મહત્વના ઘટકો લખો.

૫.૩ કોઈપણ ચાર સંસ્કૃત માસિકપત્રોનાં નામ જણાવો.

૫.૪ અનુલેખનના લાભ જણાવો.

૫.૫ સંસ્કૃત લિપિચિહ્નો કયા કયા છે?

**પ્રશ્ન ૬. નીચેના પૈકી કોઈપણ એકનો સમીક્ષાત્મક કે પૃથક્કરણાત્મક ઉત્તર ૨૦૦ શબ્દોમાં લખો:** ૦૪

૬.૧ સંસ્કૃતમાં આદર્શ વાચનનાં લક્ષણોની ચર્ચા કરો.

૬.૨ આદર્શ પ્રશ્નપત્ર એટલે શું? તેની સંરચનાના સિદ્ધાંતો વર્ણવો.

**પ્રશ્ન ૭. નીચેના પૈકી કોઈપણ એકનો ૫૦૦ શબ્દોમાં ઉત્તર આપો:** ૧૦

૭.૧ ધો. 10ના સંસ્કૃત વિષયના પાઠયપુસ્તકમાંથી કોઈ એક વિષયાંગ પસંદ કરી 25 ગુણની ત્રિપરિમાણદર્શક સારણી તૈયાર કરો.

૭.૨ આદર્શ પાઠયપુસ્તકનાં આંતરિક અને બાહ્ય લક્ષણો વર્ણવી ધો. 9ના સંસ્કૃત પાઠયપુસ્તકની સમીક્ષા કરો.

www.mkbuonline.com